# યુ.એસ.એ ના ડેલવેર સ્ટેટના ગવર્નર ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે

**ગુજરાત-ડેલવેર સ્ટેટ વચ્ચે થયેલા સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટસ અન્વયે વિવિધ ક્ષેત્રોમાં સહભાગીતા અંગે ફળદાયી ચર્ચા-પરામર્શ**



ગુજરાત અને યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના ડેલવેર સ્ટેટ વચ્ચેના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટ અન્વયે ઉચ્ચ શિક્ષણ, વેપાર અને રોકાણ ભાગીદારી તેમજ બાયોટેક અને ફાર્માસ્યુટિકલ સહિતના વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર લાભદાયી સહયોગના વિસ્તરણને પ્રોત્સાહન અપાશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ડેલવેર સ્ટેટના ગવર્નર શ્રીયુત જ્હોન કાર્ને અને પ્રતિનિધિમંડળની ગાંધીનગરમાં યોજાયેલી સૌજન્ય મુલાકાત બેઠકમાં આ અંગે ફળદાયી ચર્ચા, પરામર્શ હાથ ધરવામાં આવ્યા હતા.

ગુજરાત અને ડેલવેર વચ્ચે ૨૦૧૯માં સિસ્ટર-સ્ટેટ એગ્રીમેન્ટ કરવામાં આવેલા છે અને તેને વ્યાપક સ્તરે આગળ ધપાવવા આ મુલાકાત બેઠક ઉપયુકત બનશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-દ્રઈ ૨૦૨૦ એ વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં તેમની આંતરરાષ્ટ્રીય શાખા-કેમ્પસ સ્થાપવાની તકો ખોલી આપી છે.

આ સંદર્ભમાં યુનિવર્સિટી ઓફ ડેલવેર અને ડેલવેર સ્ટેટ યુનિવર્સિટી ગુજરાતમાં ગિફ્ટ સિટીમાં કેમ્પસ સ્થાપવા વિચારી શકે છે.

એટલું જ નહિ, ડેલવેર બાયોટેક્નોલોજી ઈન્સ્ટીટયૂટ અને ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન પણ શૈક્ષણિક સંશોધન અને વિકાસ માટે સહયોગ કરી શકે તેમ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત આઈ-ક્રિયેટ, લાઈફ સાયન્સીસ સ્ટડીઝ વગેરેમાં પણ ડેલવેર સ્ટેટની ઉચ્ચસ્તરીય શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારી થઈ શકે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે ગિફ્ટ સિટી ખાતે આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ, મશીન લર્નીંગ, બ્લોક ચેઈન, સાયબર સિક્યુરિટી, હેલ્થ ટેક, એજ્યુ ટેક અને ડેટા સેન્ટર જેવી ડિઝીટલ ટેક્નોલોજીના ક્ષેત્રોમાં પણ ડેલવેરની ફિનટેક કંપનીઝ અને ટેક સ્ટાર્ટઅપ્સને જોડાવા આમંત્રણ આપ્યું હતું.

# દહેગામ તાલુકાના સામેત્રી ગામના ખેડૂત બન્યા પ્રાકૃતિક ખેતીના પ્રસારક

**પ્રાકૃતિક ખેતીથી પોતાના ફાર્મને તો હરિયાળું બનાવ્યું જ પણ આજુબાજુના ગામના ખેડૂતોને પણ આ અંગે માર્ગદર્શન આપી પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કર્યા**








ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય અને દેશ આખાયનો ખેડૂત સમૂહ, ઉત્પાદકતાને પ્રાધાન્ય આપીને પોતાની માતા સમાન જમીનને રાસાયણિક ખાતરો અને વિવિધ દવાઓના છંટકાવથી બિનઉપજાઉ બનાવી રહ્યો છે. એક સમય એવો હતો કે ખેતરમાં પ્રાકૃતિક ઢબે ખેતીથી અનાજના ભંડારો ઉભરાતા અને એ ધાન્યો, શાકભાજી અને ફળફળાદી આદિના સેવનથી લોકો સ્વસ્થ્ય રહેતા. હવે જ્યારે રાસાયણિક રીતે તૈયાર કરેલા પાક અને ઠેકઠેકાણે ભેળસેળવાળા ખોરાક મળે છે ત્યારે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત ખાદ્યાનો સમયની તાતી જરૂરિયાત બની ગયા છે. આ સમસ્યાઓને ભારતના પ્રધાનમંત્રીશ્રીએ જાણી અને પિછાણી છે. ખેતીની ગુણવત્તામાં સુધારો લાવવા અને દેશના નાગરિકોને આરોગ્યપ્રદ ધાન્ય, શાકભાજી અને ફળફળાદી મળી રહે તે માટે પ્રધાનમંત્રીશ્રીએ દેશના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો આગ્રહ કર્યો છે.

પ્રાકૃતિક ખેતી એ ભારતની સભ્યતા અને સંસ્કૃતિનું પ્રતિક છે. ગુજરાતની ડબલ એન્જિન સરકારે પ્રાકૃતિક ખેતી માટે વિશેષ ધ્યાન આપ્યું છે. રાજ્યના ખેડૂતોને આ માટે જિલ્લાના પ્રાકૃતિક સંસોધન કેન્દ્રો, બાગાયત વિભાગ અને રાજ્યના કૃષિ વિભાગ દ્વારા તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુજરાતનાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત દેશભરના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

દહેગામના સામેત્રી ગામના ખેડૂત હિતેશકુમાર રામાભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી કરીને અન્ય ખેડૂતો માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતીને આધારે જામફળી, ઓસ્ટ્રેલિયન બદામ, દાડમ, વગેરેની ખેતી કરી છે. તેમણે ખેતરમા એક પાક ન લેતા પંચસ્તરીય ખેતી કરી છે. જેમાં મુખ્ય પાક તરીકે જામફળ અને સૌથી બહારની બાજુએ મલબારી લીમડા વાવ્યાં છે. આ લીમડા ખુદ એક એન્ટિ બેકટોરિયલ તરીકે વર્તે છે અને એની આસપાસ જીવાતોની ઉત્પતિ થવા દેતા નથી. હિતેશભાઈ મૂળરૂપે પ્રાકૃતિક ખેતીને જન જન સુધી પહોંચાડવાનો નેક ઈરાદો ધરાવે છે. આ માટે પોતાના રામ ભૂમિ ફાર્મમાં બીજામૃત, આચ્છાદાન, જીવામૃત/ઘન જીવામૃત, વાપ્સા જેવી પ્રાકૃતિક કૃષિ આધારિત પદ્ધતિઓ અપનાવી છે. ખેડૂત હિતેશભાઈના જણાવ્યા અનુસાર ૧ હેક્ટર જમીનમાં ૫૦૦ ગ્રામ જીવામૃતને પાણીની સાથે નાંખીને વાપરી શકાય. આ જીવામૃતને દર મહિને આપી શકાય છે. ડીએપી, ફૉસ્ફરસ, પોટાશ વગેરેની જગ્યાએ માત્ર જીવામૃત કે ઘન જીવામૃતના ઉપયોગથી વાવેતરમાં ખૂબ સારી વૃદ્ધિ થાય છે તેમજ જે તે પાકમાં જીવાત વગેરેનો ઉપદ્રવ રહેતો નથી. આ સિવાય કીટનો નાશ કરવા માટે પણ પ્રાકૃતિક ઢબે તૈયાર કરેલા કીટનાશકો નિમાસ્ત્ર, દશપર્ણીઅર્ક, ફ્લાવરિંગ વગેરેથી ખૂબ સારા પરિણામ મળે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની પ્રાકૃતિક ખેતીની પ્રીતિ જગજાહેર છે. એમની આ બાબતની મહત્વાકાંક્ષાઓને રાજ્ય અને દેશના ખેડૂતોએ જાણી છે અને તેમના માર્ગદર્શન હેઠળ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરી છે. હિતેશભાઈ પટેલ પણ ૫૦ જેટલા ખેડૂત મિત્રો સહિત ગુરુકુળ કુરુક્ષેત્રના ફાર્મ પર મુલાકાતે ગયા હતા. હિતેશભાઈ જણાવે છે કે ખેતીમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી જમીન સુધરે છે, ખર્ચ ઘટે છે અને એથી સારું ખેડૂતોની આવક પણ વધે છે.

# ગિફ્ટ સિટીમાં શિપ લીઝિંગ કંપનીનું આગમન, આરબીબી શિપ ચાર્ટરિંગને મંજૂરી મળી

ગાંધીનગર, ૨૨

ભારતમાં શિપ લીઝિંગ સર્વિસીસ શરૂ કરવા એક સીમાચિહ્ન પગલાં સ્વરૂપે આરબીબી શિપ ચાર્ટરિંગ પ્રાઈવેટ લિમિટેડ, સિંગાપોરની ૧૦૦ ટકા માલિકીની પેટાકંપની આરએસસીપીએલ (આઈ એફએસસી) પ્રાઈવેટ લિમિટેડને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી)માં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટરમાંથી કામગીરી શરૂ કરવાનું કામચલાઉ લાઈસન્સ મળ્યું છે.

આરએસસીપીએલ (આઈએફએસસી) પ્રાઈવેટ લિમિટેડને ફેબ્રુઆરી, ૨૦૨૩માં શિપ લીઝિંગ વ્યવસાય માટે પ્રથમ કામચલાઉ લાઈસન્સ મળ્યું છે અને કંપની માર્ચ, ૨૦૨૩ અગાઉ વાણિજ્યિક ધોરણે કામગીરી શરૂ કરવાની યોજના ધરાવે છે.

ભારત લાંબો દરિયાકિનારો ધરાવે છે તથા દરિયાઈ માર્ગો મારફતે મોટા પાયે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક વેપાર કરે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતના આર્થિક વિકાસ માટે દરિયાઈ ઉદ્યોગ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્ર છે. વળી ભારત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓને (ખાસ કરીને શિપ લીઝિંગ / ધિરાણ સેવાઓ પૂરી પાડતી) દેશમાં તેમની કામગીરી શરૂ કરવા સુવિધા આપીને શિપિંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાની મોટી તક પણ ધરાવે છે. વૃદ્ધિની આ મોટી સંભાવના હાંસલ કરવા ગિફ્ટ સિટીમાં શિપ લીઝિંગ વ્યવસાયને સક્ષમ બનાવવા એક નિયમનકારક માળખું ઊભું કરવામાં આવ્યું છે. આ માળખું શિપ લીઝિંગ કંપનીઓને ગિફ્ટ IFSCમાંથી ભાડાપટ્ટે કામ કરવા, ફાઈનાન્શિયલ લીઝ આપવાની અને હાઈબ્રિડ લીઝ માળખું ઊભું કરવાની સુવિધા આપે છે.

આ અંગે ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ શ્રી તપન રેએ કહ્યું હતું કે, "ગિફ્ટ સિટી આંતરરાષ્ટ્રીય ધિરાણ સેવાઓ સાથે સંબંધિત વિવિધ બિઝનેસ વર્ટિકલ્સમાં મહત્વપૂર્ણ વૃદ્ધિ જુએ છે. શિપ લીઝિંગ વ્યવસાયોની કામગીરી શરૂ થવાથી અન્ય વૈશ્વિક દરિયાઈ ઉદ્યોગના કેન્દ્રોને સમકક્ષ આંતરરાષ્ટ્રીય મેરિટાઈમ ક્લસ્ટર માટે સાનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરવામાં મદદ મળશે. અમને અપેક્ષા છે કે, વિમાનોના લીઝિંગ અને ધિરાણના વર્ટિકલમાં જોવા મળ્યો છે એવો વિકાસ શિપ લીઝિંગ વ્યવસાયો અનુભવશે."

# કંસ્ટ્રક્શન સાઈટ પાસે બંગલાની દીવાલ ધરાશાયી

અમદાવાદ, તા.૨૨

મણિનગરમાં બાંધકામ સાઈટ પાછળ બંગલાની દીવાલનો ભાગ ધરાશાયી થવાની ઘટના બની છે. મંગળવારે રાત્રે બંગલા પાછલનો ૧૦ ફૂટ જેટલો ભાગ ધસી પડવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ અને પોલીસનો કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની જાણ થતાં રહેવાસીઓ પોતાના ઘરની બહાર દોડી આવ્યા હતા અને રાત ઘરની બહાર જ વિતાવી હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. આ ઘટના ધર્મન બંગ્લોઝ, રમણનગર બંગ્લો નંબર ૧, ૨માં વધારે નુકસાન થયું છે. ચાર બંગલાને જોડતી ૧૦ ફૂટની દીવાલ તૂટી પડવાની ઘટના બની છે. બનાવ બનતા આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. આ ઘટના બનતા બંગ્લોમાં રહેતા લોકોમાં ફફડાટ પેસી જતા પોતાના ઘરમાં જતા ડરતા હતા જેના કારણે તેમણે આખી રાત ઘરની બહાર જ વીતાવી હતી. દીવાલ પડવાની ઘટના બાદ લોકો પોતાના ઘરોની બહાર દોડી આવ્યા હતા. તેમણે આ ઘટના અંગે પોતાની વ્યથા વ્યક્ત કરતા જણાવ્યું કે ઘરમાં એવી હાલત છે કે પગ મૂકતા પણ ડર લાગે છે. અમારા ઘરને પણ સીલ મારવામાં આવ્યું છે તો હવે અમારે શું કરવાનુ? તેવો સવાલ અહીંના રહેવાસીઓ કરી રહ્યા છે. આ ઘટના બાદ એન્જિનિયર, ડૉક્ટર સહિતના તમામ લોકો ભાગી ગયા છે.

# રાજ્યમાં ધો. ૧થી ૮માં ગુજરાતી ફરજિયાત કરવા બિલ લવાશે

**ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થશે : રાજ્યની દરેક શાળામાં ગુજરાતી વિષય ફરજિયાત છે, જે શાળામાં ગુજરાતી વિષય ભણાવવામાં નથી આવતો તેની સામે કાર્યવાહી થશે**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આવતીકાલથી શરૂ થશે. તે પહેલાં આજે કામકાજ સલાહકાર સમિતીની બેઠક મળી હતી. આ બેઠકમાં આવતીકાલે રજૂ થનારા વિધેયકો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત ઈમ્પેક્ટ ફી સુધારા વિધેયક બિલ અને ધોરણ ૧થી૮માં ગુજરાતી ભાષા ફરજિયાત માટેનું બિલ લાવવા અંગેની ચર્ચાઓ કરાઈ હતી.

ગઈકાલે ગુજરાતી શિક્ષણ મુદ્દે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે પણ મહત્વનું નિવેદન આપ્યું હતું.તેમણે કહ્યું હતું કે, આપણી માતૃભાષા ગુજરાતી એ સંવેદના અને સમન્વયની ભાષા છે. વિદ્યાર્થીઓનો ગુજરાતીનો પાયો મજબૂત બને એ માટેના પ્રયાસો શિક્ષણ વિભાગ દ્વારા થઈ રહ્યાં છે. જે કઈ ખામી છે તેનું આવનારા સમયમાં અમારા શિક્ષણવિદો, બૌધિકો ગુજરાતી ભાષાના તજજ્ઞોની સાથે મળીને સમાધાન કરશે. આજે રાજ્ય સરકારના પ્રવકતા ઋષિકેશ પટેલે પણ નિવેદન આપતાં કહ્યું હતું કે, ધોરણ ૧ થી ૮ ગુજરાતી વિષય ફરજીયાત અભ્યાસ કરાશે.રાજ્યમાં ચાલતી તમામ બોર્ડની સ્કૂલોમાં આ નિયમ ફરજીયાત થશે. શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યની દરેક શાળામાં ગુજરાતી વિષય ફરજિયાત છે. જે શાળામાં ગુજરાતી વિષય ભણાવવામાં નથી આવતો તેની સામે કાર્યવાહી થશે 'રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવા મામલે જાહેર હિતની અરજી થવા પામી હતી. જે અરજીના આધારે હાઈકોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી હતી. ત્યારે કેન્દ્રીય વિદ્યાલયોમાં ગુજરાતી ભાષા ન ભણાવતા હોવાની અરજદારની રજૂઆત હતી. ત્યારે આ મામલે હાઈકોર્ટ દ્વારા ગુજરાતી નહીં ભણાવતી શાળાઓ સામે શું પગલા લેવાશે તે મામલે સરકારી વકીલને પૂછતા સરકારી વકીલે હાઈકોર્ટને કહ્યું હતું કે 'ગુજરાતી ન ભણાવતી શાળાઓને નોટિસ ઈશ્યું કરીશું.

# હોળી ઈફેક્ટ : ઉત્તર ભારત તરફ જતી તમામ ટ્રેન હાઉસફુલ

અમદાવાદ, તા.૨૨

રંગોના તહેવાર હોળીની ઉજવણીની ઉત્સાહભેર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. આ તહેવારના અવસર પર વતનથી દૂર રહેતા દરેક પોતાના પ્રિયજનો સાથે તહેવારની ઉજવણી કરવા ઉત્સુક રહે છે. આ વર્ષે હોળીનો તહેવાર ૮ માર્ચે ઊજવવામાં આવી રહ્યો છે. આગામી હોળી-ધુળેટી પર્વ પર મોટા ભાગની ટ્રેન હાઉસફુલ થઈ ગઈ છે. મુસાફરોની માગને પહોંચી વળવા માટે રેલવે દ્વારા રેગ્યુલર ટ્રેન ઉપરાંત સ્પેશિયલ ટ્રેન પણ દોડવવામાં આવી રહી છે પરંતુ હોળીનાં કારણે ટ્રેનનાં બુકિંગમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે પણ મુસાફરોના ધસારાને ઘટાડવા માટે અમદાવાદ, સુરત અને બાંદ્રા ટર્મિનસથી બરૌની, અજમેર અને ગોરખપુર સુધી વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. છતાં મોટા ભાગની ટ્રેનમાં હવે મુસાફરોને જગ્યા મળે તેવી શક્યતા નહિવત છે . તહેવારને લીધે અન્ય નિયમિત ટ્રેન પણ હવે ૧૭ માર્ચ સુધી પેક છે. હોળી અને છઠ દરમિયાન મોટાભાગના મુસાફરો ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ મેળવી શકતા નથી. જોકે આ પરિસ્થિતિમાં રેલવે દર વર્ષે હોળી પહેલાં મોટી સંખ્યામાં હોળી સ્પેશિયલ ટ્રેન ચલાવે છે.

અધિક માસમાં દુકાળની જેમ સ્પેશિયલ ટ્રેનનું ભાડું વધારે થઈ જવા સાથે નિયમિત ટ્રેન ભરાઈ જવાથી મુસાફરો પરેશાન થઈ ગયા છે. હોળી પહેલાં યુપીના પ્રયાગરાજ, કાનપુર, ઝાંસી અને ગોરખપુર જવા માટે ટ્રેનમાં હવે જગ્યા નથી. ઉધના-દાનાપુર-૧૭૧ વેઈટિંગ, વારાણસી મહામના એક્સપ્રેસ-૧૧૭ વેઈટિંગ, સુરત-ભાગલપુર-૨૪૭ વેઈટિંગ, અમદાવાદ-બરૌની-૧૫૬ વેઈટિંગ ચાલી રહ્યું છે, જયારે બાંદ્રા-ગાઝીપુર એક્સપ્રેસ, બાંદ્રા-ગોરખપુર હમસફર-ફુલ છે.

## ગુજરાતના પૂર્વ રાજયપાલ સ્વ. શ્રી ઓમ પ્રકાશ કોહલીને ભાવભરી શ્રધ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજય મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતના પૂર્વ રાજયપાલ સ્વ. શ્રી ઓમ પ્રકાશ કોહલીને ભાવભરી શ્રધ્ધાંજલિ આપીને તેમના આત્માને પરમશાંતિ મળે તેવી પ્રભુપ્રાર્થના સાથે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ. સ્વ. શ્રી ઓમ પ્રકાશ કોહલીના અવસાન અંગે રાજય મંત્રીમંડળ, ગુજરાતની જનતા અને સરકાર ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યકત કરે છે તેમ પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતુ.

# DJના ઘોંઘાટથી નાગરિકો ત્રાહિમામ

**લોકો અન્ય નાના-મોટા પ્રસંગોમાં પણ ડીજે બોલાવતા ખચકાતા નથી**

અમદાવાદ, તા.૨૨

રાજ્યભરમાં પાછલા થોડા સમયથી ડીજેને લગતી ફરિયાદ સતત વધી રહી છે. લગ્ન સહિતના વિવિધ પ્રસંગોમાં લોકો એટલા મોટેથી મ્યુઝિક વગાડતા હોય છે કે પરેશાન લોકોએ પોલીસની મદદ લેવી પડતી હોય છે. અત્યારે જ્યારે લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે કંટ્રોલ રૂમમાં આ પ્રકારની ફરિયાદો ખૂબ જ આવી રહી છે. ઉલ્લેખનીય છે કે પાછલા ૧૮ મહિનામાં એટલે કે જાન્યુઆરી, ૨૦૨૧થી લઈને અત્યાર સુધી અમદાવાદ શહેરની પોલીસને ધ્વનિ પ્રદૂષણની ૧૦,૨૭૭ ફરિયાદ મળી ચૂકી છે. જો કે, આ ફરિયાદ પર કાર્યવાહીની વાત કરવામાં આવે તો અત્યાર સુધી માત્ર બે વાહન જપ્ત કરવામાં આવ્યા છે. તેના સિવાય કોઈ પણ વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં નથી આવી. નોંધનીય છે કે ડિસેમ્બર ૨૦૧૯માં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તરફથી એક નોટિસ જાહેર કરવામાં આવી હતી. જ્યારે ગુજરાત હાઈકોર્ટે આ સૂચનાના અમલીકરણને લગતો પ્રશ્ન કર્યો તો અમદાવાદ પોલીસે જાન્યુઆરી ૨૦૨૩માં પાંચ ફ્રૈંઈ દાખલ કરી હતી. ૨૦મી જાન્યુઆરીના રોજ અમદાવાદ શહેરના પોલીસ કમિશનરે જાહેર સ્થળોએ ધ્વનિ પ્રદૂષણ ઘટાડવા માટે પ્રતિબંધો લાગુ કર્યા હતા. આ સિવાય ધાર્મિક સ્થળોને પણ આદેશ આપવામાં આવ્યો હતો કે પોતાની સાઉન્ડ સિસ્ટમનો અવાજ ધીમો રાખે તેમજ અમુક વિસ્તારથી દૂર તેનો અવાજ ના જવો જોઈએ. આ સિવાય માઈક સિસ્ટમ સહિત અન્ય વાદ્યોના જાહેરમાં ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઉપયોગ કરવા માટે અમુક શરતોનું પાલન કરવાનું રહેશે. ધાર્મિક સ્થળોની વાત કરીએ તો, અમદાવાદ પોલીસે પરિપત્રમાં જણાવ્યું છે કે, મંદિર, ચર્ચ અને મસ્જિદોમાં માઈકનો અવાજ મર્યાદિત હોવો જોઈએ અને તે પરિસરની બહાર અવાજ ના જવો જોઈએ. વડોદરાની વાત કરવામાં આવે તો, પાછલા થોડા મહિનામાં વડોજરાના પોલીસ કંટ્રોલ રૂમમાં ૫૦ ટકા ફોન ડીજે મ્યુઝિકની ફરિયાદને લગતા હતા. પાછલા સાત જ દિવસમાં વડોદરા શહેરના પોલીસ કંટ્રોલ રુમમાં ૪૦૦ ફોન આવ્યા હતા.

આ સમસ્યા વધવાને કારણે પોલીસે ફરિયાદ નોંધવાનું અને મ્યુઝિક સિસ્ટમ જપ્ત કરવાનું કામ શરુ કર્યું છે. વડોદરાના પોલીસ કમિશનર શમશેર સિંહ જણાવે છે કે, શહેરી વિસ્તારોમાં આ એક મોટી સમસ્યા છે. અમને દરરોજ ડઝન જેટલી ફરિયાદ આ બાબતની આવતી હોય છે.

## ચીમકી ઉચ્ચારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેશનલ હાઈ-વે ઓથોરિટી દ્વારા કરવામાં આવેલા સર્વે તેમજ ફિજિબિલીટી રિપોર્ટ ઉપર આક્ષેપ કરતાં જણાવ્યું કે તદ્દન ખોટી બાબતો રિપોર્ટમાં દર્શાવવામાં આવી છે જેથી વિરોધ વંટોળ ઊઠ્યો છે. સર્વે થયેલ ગાંધીનગર જિલ્લાની જમીનના ભૂગર્ભજળ ૧૪૦૦ ફૂટ ઊંડા છે તેમજ સદર જમીન ખેતી લાયક ન હોય તેવો રિપોર્ટ દર્શાવવામાં આવ્યો છે. સદર રોડની સમાંતર બીજો સર્વે કર્યો છે જે વિસ્તારમાં ખરેખર ભૂગર્ભ જળ નહીવત અને વાસ્તવિક બજારભાવ ઓછા છે જે બંને સર્વે ગાંધીનગર જિલ્લાના છાલા ગામ નજીકથી અગાઉ પસાર થાય છે ત્યાંથી પણ રોડને ડાયવર્ટ કરવામાં આવે તો અંતરમાં કોઈ ફેર પડતો નથી. ત્રણ પાક લેવાતી ફળદ્રુપ ગાંધીનગર જિલ્લાની જમીન જેની વાસ્તવિક કિંમત ૪થી ૭ કરોડની પ્રતિ વીઘે છે તે બચી શકે તેમ છે.

## બેઠક યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલુ રહ્યુ છે જયારે વિદ્યાર્થીઓ પણ બોર્ડ કસોટી માટે પુરતા સજ્જ છે.

હાલ શાળાઓમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે ખાસ વધારાના વર્ગો પણ ચાલી રહ્યા છે. જયારે નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં વધારાનુ એક કલાકનુ શિક્ષણ પણ આપવામાં આવી રહ્યુ છે. બોર્ડ પરીક્ષા દરમિયાન પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ તેમજ વિદ્યાર્થીઓ માટે વિષય નિષ્ણાંતોની યાદી સાથે હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવે છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. જો કે ગરમીની મોસમ નિખરી રહી છે. અલબત્ત આ વર્ષે ગરમીનો પારો શરૂઆતથી જ ઉગ્ર હોવાથી પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને ગરમી આડ અસર અકળાવે નહી તેનો પણ વિશેષ ખ્યાલ કરવાનો રહેશે.

## પૂર્ણ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહી છે. બન્ને પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. નવા અને જુના સેકટરોમાં બન્ને ભાગમાં તબક્કાવાર લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે પાણી ગટર લાઈનના નવિનીકરણ દરમિયાન રૂટમાંથી પસાર થતી યુટીલીટીઝ લાઈનનો વિશેષ ખ્યાલ રાખવાની અનિવાર્યતા છે ત્યારે અત્યાર સુધી કામગીરીમા જોઈએ તેવી ઝડપ આવી શકી નથી જો કે સુત્રોના જણાંવ્યા મુજબ હવે લાઈન નાંખવાની કામગીરીમાં ઝડપ આવશે હાલ શહેરના જુના સેકટરોમાં પાણી ગટરની લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના સે- ૧૪ થી ૩૦ માં લાઈનનુ ખોદકામ કરીને નવી અને મોટાડાયામીટરની લાઈન નાંખવામાં આવી રહી છે. જો કે આ કામગીરી દરમિયાન કયારેક પાણીની કે ગટરની હયાત લાઈનમાં પણ ભંગાણ થતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. તો બીજીતરફ વિજ કેબલ પણ કટ થતા વિજપ્રવાહ ખોરવાઈ જતો હોવાના પણ અનેક કિસ્સા ઉઠવા પામ્યા છે. આ મામલે સ્થાનિકો દ્વારા એક યા બીજા વિભાગ સાથે યોગ્ય સંકલન રાખી કામ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરના જુના સેકટરોમાં પાણીની લાઈન નાંખવા માટેની કામગીરી અંતિમ તબક્કામાં છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આગામી મેં મહીના સુધીમાં જુના સેકટરોમાં પાણીની લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાશે.

આ ઉપરાંત હાઉસ કનેક્શન પણ આપી દેવાશે જો કે આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાના પ્રોજેકટ અન્વયે સે- ૨૮ અને સે- ૨૯ માં પ્રયોગિક ધોરણે સપ્લાય આપવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે જુના સેકટરોના અંતે તુરંત જ નવા સેકટરોમાં પણ લાઈન નાંખવાની કામગીરી શરૂ કરી દેવાશે જો કે પાણી ગટર લાઈનના પ્રોજેકટના લીધે હાલ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પણ અટવાઈ છે. એકબાજુ સેકટરોના માર્ગોની હાલત અત્યંત ખરાબ છે જયારે નિયત સમયના અંતે હાલ માર્ગ સુધારણાનુ કામ પણ હાથ ધરવાની અનિવાર્યતા છે પરંતુ જયાં સુધી પાણી ગટરની લાઈન નાંખવા માટે ખોદકામ વૃતિ બંધ ન થાય ત્યાં સુધી માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરી શકાય તેમ નથી જેના અંતે માર્ગ સુધારણાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે અલબત્ત આગામી ઉનાળાના દિવસોમાં શહેરમાં ૨૪ કલાક પાણીન સપ્લાય માટે પ્રયોગિક ટેસ્ટીંગ પણ કરી દેવાશે.

## ગગડ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેડ રિઝર્વનો ડર : વેપારીઓ ફેડ રિઝર્વની મીટિંગ વિગતો જાહેર થવાની રાહ જોઈ રહ્યા છે. આ ફેડ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ભાવિ વધારો સૂચવે છે. વિશ્વભરના બજારો પર પણ તેની ઘણી અસર જોવા મળી રહી છે.

અદાણી ગ્રૂપના શેરની હાલત : અદાણી ગ્રૂપના શેરમાં ઘટાડાનો ટ્રેન્ડ અટકી રહ્યો નથી. અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં આઠ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. તેની અસર સ્થાનિક શેરબજારના રોકાણકારોના મૂડ પર પણ જોવા મળી હતી.

આરબીઆઈ મિનિટ્સ : વેપારીઓ આરબીઆઈની નાણાકીય નીતિ સમિતિની બેઠકની વિગતોની રાહ જોઈ રહ્યા છે. તેનાથી સેન્ટ્રલ બેંકના મૂડનો ખ્યાલ આવશે.

## સંભાવના

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ૨૦૨૧-૨૨ના જીડીપીના આંકડાઓની સમીક્ષા કરી શકે છે. આ સાથે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ અને બીજા ક્વાર્ટરના જીડીપીના આંકડાઓની પણ સમીક્ષા કરવામાં આવશે, જેના કારણે ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપીનો આંકડો વધી શકે છે. અહેવાલમાં કહ્યું હતું કે ૨૦૨૩-૨૪માં ભારતની જીડીપી માત્ર ૫.૯ ટકા રહી શકે છે, જે તમામ અંદાજોની તુલનામાં ખૂબ જ ઓછી છે. જોકે, ઈન્ડિયા રેટિંગ્સે જણાવ્યું હતું કે સરકારના મૂડીખર્ચ માટેના વધેલા બજેટથી લઈને કોર્પોરેટ્સના દેવુંમાં ઘટાડો, ફ્રૈંછ અને ર્ન્સ્કીમમાં ઘટાડો અને કોમોડિટીના ભાવમાં ઘટાડો ભારતીય અર્થતંત્ર માટે સકારાત્મક છે. જો કે, ૨૦૨૩-૨૪માં જીડીપીને ૬ ટકાથી આગળ લઈ જવા માટે આ પૂરતું નથી. રિપોર્ટ અનુસાર એવું લાગે છે કે કાચા માલની ઊંચી કિંમતને કારણે કંપનીઓનું માર્જિન દબાણ હેઠળ છે. નાણાકીય સેવા કંપનીઓને બાદ કરતાં લગભગ ૩,૦૦૦ લિસ્ટેડ કંપનીઓના પરિણામોમાં આ પ્રતિબિંબિત થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ત્રીજા ક્વાર્ટરમાં માર્જિન ઘટીને ૧૧.૯ ટકા થયું, જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના ત્રીજા ક્વાર્ટરમાં ૧૫.૩ ટકા હતું. તેનાથી ત્રીજા ક્વાર્ટરમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વૃદ્ધિ દર ઘટી શકે છે.